ગાંધીનગર સમાચાર

સળગાવેલા કચરામાં ગબડી પડેલા ૮ વર્ષના બાળકનું મૃત્યુ

@ગાંધીનગર

● થનગનાટ આર્ટ એન્ડ કલ્ચરલ ફાઉન્ડેશન સંસ્થા દ્વારા સાંજે ૬.૩૦ કલાકે ગાયક કલાકાર અનુપ જલોટા દ્વારા લાઈવ ભજન સંધ્યાનો કાર્યક્રમ યોજાશે.

● સી-૪૦૨, રાધે આર્કેડ, કુડાસણ ખાતે સંજયભારતી બાપુની વ્યાસપીઠે સાંજે ૬ થી ૮ કલાક દરમિયાન સુંદરકાંડ પાઠ યોજાશે.

● આનંદ ગરબા મંડળ સે-૪ના દર્શનાબેન ઉપાધ્યાયના કંઠે આનંદનો ગરબો રાત્રે ૮ થી ૧૧ કલાક દરમિયાન સાયોના ફલેટ - ખ રોડ ખાતે યોજાશે.

● ગાયત્રી પરિવાર દ્વારા સવારે ૯ થી ૧૨ કલાક દરમિયાન હંસાબેન પરીખના નિવાસસ્થાન પ્લોટ નં. ૧૪૬/૨, સે-૧૪ ખાતે ગાયત્રી મહાયજ્ઞ વૈદિક વિધિથી સંપન્ન થશે.

● બહુજન સમાજ પાર્ટી દ્વારા બપોરે ૧.૦૦ કલાકે સેકટર-૬ના ગ્રાઉન્ડ ખાતે વિશાળ રેલી તથા જન્મ જયંતિ નિમિત્તે સભા યોજાશે.

આજે પેથાપુર ખાતે આનંદનો ગરબો

ગાંધીનગર, તા.૧૩

પેથાપુર મહિલા મંડળ દ્વારા તા. ૧૪મી એપ્રિલને ગુરૂવારના રોજ બપોરે ૩.૦૦ કલાકે ડૉ. પરેશ આર. ગજજરના નિવાસસ્થાન શુભમ્ સોસાયટી પેથાપુર ખાતે આનંદના ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં નગરના તમામ ભાવિક ભકતોને હાજર રહી લાભ લેવા નટુભાઈ દરજીએ જણાવ્યું છે.

સે-૩ સાંઈ મંદિરમાં અન્નકૂટ દર્શન

ગાંધીનગર, તા.૧૩

શ્રી સાંઈ કૃપા ટ્રસ્ટ સેકટર-૩-ડી સંચાલિત સાંઈ મંદિર ખાતે તા. ૧૪ અને ૧૫મી એપ્રિલના રોજ અન્નકૂટના દર્શનનુંઆયોજન કરવામાં આવ્યું છે. તા. ૧૫મી એપ્રિલના બપોરના ૧૨.૦૦ કલાક સુધી અન્નકૂટના દર્શનનો લાભ ભકતજનો લઈ શકશે. ત્યારબાદ સાંજે ૫.૦૦ કલાકે અન્નકૂટનો પ્રસાદ અપાશે. આ પ્રસંગે નગરના તમામ ભાવિક ભકતોને હાજર રહેવા ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી નરસિંહભાઈ પરમારે જણાવ્યું છે.

પ્રશ્નોરા નાગર જ્ઞાતિની ટેલીફોન ડિરેકટરીની કાચી પ્રત તૈયાર

સમસ્ત પ્રજ્ઞા પરિવાર અભ્યુદય ટ્રસ્ટ, ગાંધીનગર દ્વારા ગાંધીનગરમાં વસતા પ્રશ્નોરા કુટુંબોના ટેલીફોન નંબરો/સરનામાની ડીરેકટરી પ્રસિધ્ધ કરવાની છે તેની કાચી પ્રત તૈયાર થઈ ગઈ છે. કોઈ કુટુંબની વિગત બાકી/અધુરી હોય-સુધારવાની હોય તો શ્રીમતી કલ્પનાબેન દિવાનભાઈ પંડયા, ગુજરાત હાઉસીંગ બોર્ડ, પ્લોટ નં. ૨૩૩, સર્વોદય નગર, સે-૩૦, ગાંધીનગર ફોન નં. ૨૩૨-૬૧૭૪૩નો સંપર્ક સાધવા અનુરોધ છે. તા. ૩૦-૪-૨૦૧૬ સુધીમાં વિગતો અચુક પહોંચાડી દેવા જણાવવામાં આવ્યું છે.

શહેરના ખાણી-પીણી બજારમાં તેજી

અનેક રેસ્ટોરન્ટ તથા પાર્લરો પર આઈપીએલની મેચ ગ્રાહકો લાઈવ જોઈ શકે તેવી વ્યવસ્થા કરાઈ વેકેશન તથા આઈપીએલની જુગલબંદીના કારણે ખાણી-પીણીના ધંધાર્થીઓને જલ્સા

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગરમાં શાળા કોલેજોની પરીક્ષાઓ પૂર્ણ થઈ રહી છે તેની સાથે જ વેકેશનનો માહોલ જામતો જાય છે. આ સાથે આઈપીએલ ક્રિકેટ ટુર્નામેન્ટનો પણ પ્રારંભ થઈ ચુકયો હોઈ શહેરના ક્રિકેટ રસિયાઓ વિવિધ સ્થળોએ સાથે મળીને ક્રિકેટનો આનંદ ઉઠાવવાના આયોજન કરી રહ્યા છે. આ કારણે નગરના ખાણી-પીણી બજારમાં તેજીનો માહોલ પ્રવર્તી રહ્યો છે. ઘ-૫ ફુડકોર્ટ, ઈન્ફોસીટી, સે-૨૧ વગેરે સહિત અનેક સ્થળોએ રાત્રિના સમયે ભીડભાડ જોવા મળી રહી છે.

ઉનાળાની ગરમી વધવા લાગી છે, જેના કારણે શહેરમાં રાત્રિના સમયે જાહેર સ્થળોએ નગરજનો મોટી સંખ્યામાં પરિવાર સહિત હરતા ફરતા જોવા મળી રહ્યા છે. જેમ જેમ શાળા-કોલેજોની પરીક્ષાઓ પૂર્ણ થઈ રહી છે તેમ તેમ આ સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. વળી, હાલ આઈપીએલ ક્રિકેટ ટુર્નામેન્ટ ચાલી રહી હોઈ તેના કારણે વિવિધ રેસ્ટોરન્ટ, ઠંડા પીણા-આઈસક્રીમ પાર્લર્સ વગેરે પર તેનું લાઈવ પ્રસારણ ગ્રાહકો માણી શકે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે આ કારણે ગ્રાહકો આકર્ષાઈ મિત્રોના ગ્રૂપ સાથે આવા સ્થળોએ મેચનો લાઈવ આનંદ માણવા ઉપરાંત નાસ્તા પાણીની જયાફતો ઉડાવતા જોવા મળે છે. શહેરના ખાણી-પીણી બજારોમાં

(તસવીર : કશ્યપ નિમાવત)

અગ્રસ્થાને આવતું ઘ-૫ ફુડકોર્ટ તથા સે-૧૬ની હોટલો ઉપરાંત સે-૨૧ના ડિસ્ટ્રીકટ શોપીંગ સેન્ટર ખાતે, સે-૧૧ના ખાણી-પીણી બજાર ખાતે અને ઈન્ફોસીટી તેમજ રિલાયન્સ ચોકડી વગેરે સ્થળોએ સહેલાણીઓની સંખ્યા વધુ જોવા મળી રહી છે. આ સંખ્યામાં વધારા સાથે ખાણી-પીણી બજારમાં તેજી જોવા મળી રહી છે.

શહેરના આઈસ્ક્રીમ થતા ઠંડા પીણાના પાર્લરો પર પણ રાત્રિના સમયે સારી ઘરાકી જામતી જાય છે. જેમ જેમ ઉનાળાની ગરમીનો પારો વધતો જાય છે તેમ તેમ શહેરના પાર્લરો પર 'ઠંડા' થવા આવતા પરિવારોની સંખ્યામાં વધારો થતો જાય છે. ઘ-૪ સ્વર્ણિમ પાર્ક, પથિકાશ્રમ સર્કલ, ઘ-૫ સર્કલ, ઘ-૨ સર્કલ, ઘ-દોઢ સહિત અનેક જગ્યાએ આઈસ્ક્રીમ પાર્લરો પર ઘરાકીમાં તેજી જોવા મળી રહી છે. બ્રાન્ડેડ આઈસ્ક્રીમ કંપનીઓ દ્વારા દર વખતની જેમ આ વખતે પણ નવી નવી ફલેવર બજારમાં મુકી ગ્રાહકોને આકર્ષવા પ્રયત્ન કરાયો છે તો તેની સામે લોકલ બનાવટના આઈસ્ક્રીમ પાર્લરોએ પણ હરિફાઈમાં અવનવી ફલેવર્સ લોન્ચ કરી છે. ઠંડા પીણામાં પરંપરાગત પીણાઓ જેવા કે શેરડીનો રસ, લીંબુ શરબત, શીકંજી, બરફ ગોળા, આઈસ ડીશ અને વિવિધ ફલેવર્સના સોડા તથા હાજમાહજમ વગેરેની માંગ પણ એટલી જ જોવા મળી રહી છે. વેકેશન સાથે આઈપીએલની જુગલબંધી હાલ તો નગરના ખાણી-પીણીનો વેપાર કરતા ધંધાર્થીઓ માટે સોનેરી સીઝન પુરવાર થઈ રહી છે.

વાતવાતમાં

● શહેરમાં શાળાની પરીક્ષાઓ પૂર્ણ થતા સ્કૂલવાન ચાલકોએ તેમના બાળકોને 'પાર્ટી' આપી વિદાય આપી હતી. સ્કૂલ વાન રીક્ષા ચાલકોએ બાળકોને આઈસ્ક્રીમ, ચોકલેટસ વગેરેથી મ્હોં મીઠું કરાવવા સાથે વેકેશનની શુભેચ્છાઓ પણ પાઠવી હતી.

● ચ-૩ સર્કલ નજીકના સે-૧૧ બસ સ્ટોપે જવા સર્કલ ક્રોસ કરી રહેલા એક આધેડ રાહદારીને સ્પીડમાં વળાંક લઈ રહેલી બસે ખભાના ભાગે ટકકર મારી હતી. આ ટકકરના કારણે રાહદારીનો ખભો તુટી જવાથી તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો.

● કોલવડા તરફથી આવતા એક બાઈક સવારને ટાટા ચોકડી પાસે રસ્તામાં કૂતરું આવી જવાથી અકસ્માતના ભોગ બનવું પડયું હતું. આ અકસ્માતમાં બાઈકચાલકને સામાન્ય ઈજાઓ થવા પામી હતી.

● ફરી એક વાર બેંકોની સળંગ બે દિવસની રજાઓના કારણે શહેરમાં ફરી એકવાર નાણાંકીય વ્યવહારો ઠપ્પ થઈ જવા પામશે. ગુરુવારે ડૉ. આંબેડકર જયંતિ અને શુક્રવારે રામનવમીની રજાને કારણે બેંકો બંધ રહેશે પરંતુ શનિવારે બેંકો ચાલુ હોવાથી ગ્રાહકોનો ધસારો વધુ રહેશે તેવું જણાઈ રહ્યું છે.

જિલ્લાના બાળકોને આવતીકાલે સુવર્ણપ્રાશનના ટીપાં પીવડાવાશે

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર જિલ્લાના સરકારી તથા જિલ્લા પંચાયત સંચાલિત આયુર્વેદ દવાખાનાઓમાં વિના મૂલ્યે સુવર્ણપ્રાશનના ટીપા તા. ૧૫મી એપ્રિલ, ૨૦૧૬ના રોજ સવારના ૮.૩૦ થી ૧૨.૩૦ કલાક દરમ્યાન પીવડાવવામાં આવનાર છે.

જિલ્લા આયુર્વેદ અધિકારી શ્રી ભાવનાબેન પટેલે જણાવ્યું છે કે, આયુર્વેદ શાસ્ત્રમાં બાળકોના સ્વાસ્થ્ય વધારવા માટે ઘણા ઉલ્લેખ છે. બાળકોનો જન્મ થાય ત્યાથી શું કરવું કે જેથી તે હંમેશ માટે નિરોગી બની રહે તેનું વર્ણન આયુર્વેદના ગ્રંથોમાં છે. બાળકાના ઉત્તમ સ્વાસ્થ્ય તથા તંદુરસ્ત માટે આયુર્વેદમાં બ્રાહ્મિ, શંખપુષ્પી જેવા દિવ્ય મેધાવર્ધક ઔષધો છે. જે બાળકને પુષ્ય નક્ષત્રમાં ચટાડવાના હોય છે. પુષ્પ નક્ષત્ર બધા નક્ષત્રમાં સૌથી બળવાન છે. આ નક્ષત્રમાં કરેલ કોઈ પણ કાર્યની અસર તેના પછીના પુષ્પ નક્ષત્ર સુધી રહે છે. આથી સુવર્ણપ્રાશન પુષ્પનક્ષત્રમાં કરવામાં આવે છે. તેથી તે ઉત્તમ ફળદાયી સાબિત થાય છે.

આ માટેની ફુડ એન્ડ ડ્રગ કંટ્રોલ એડમીનીસ્ટ્રેટર, ગાંધીનગર દ્વારા માન્યતા પ્રાપ્ત ઔષધ વિના મૂલ્યે વસુધૈવ કુટુમ્બકમ સંસ્થાએ ડૉ. દવે સુવર્ણામૃત શીરપ નામથી પુરી પાડવામાં આવી છે. તા. ૧૫મી એપ્રિલના રોજ ગાંધીનગર જિલ્લાના બાળકોને સુવર્ણ પ્રાશનના ટીપા પીવડાવવામાં આવનાર છે. આ સુવર્ણ પ્રાશનના ટીપા ગાંધીનગર તાલુકાના પોર, જમીયતપુરા, સરઢવ, કુડાસણ, મગોડી, ટીંટોડા, દોલારાણાવાસણા, અમીયાપુરા, સેકટર-૭, સેકટર- ૨૯ અને સીવીલ આયુર્વેદ ઓ.પી.ડી ખાતે પીવડાવવામાં આવશે. તે ઉપરાંત માણસા તાલુકાના રિદ્રોલ, પરબતપુરા ખાતે, કલોલ તાલુકામાં ઈસંડ અને કલોલ તથા દહેગામ તાલુકામાં પીપળજ અને ખાનપુર ગામના સરકારી અને જિલ્લા પંચાયત આયુર્વેદ દવાખાનામાં સુવર્ણપ્રાશનના ટીપા પીવડાવવામાં આવશે, તેવું જિલ્લા આયુર્વેદ અધિકારી, ગાંધીનગરે જણાવ્યું છે.

ગાંધીનગરથી વિજાપુર મીની બસનો પ્રારંભ

પેથાપુર, તા.૧૩

વિજાપુરથી અમદાવાદ, અમદાવાદથી વિજાપુર લોકલ બસો ચાલુ હોવાથી તે બસો ચિક્કાર આવતી હોય છે. જેથી વચ્ચેના ગામોને લાભ મળતો ન હતો. ખાનગી સાધનનો ઉપયોગ કરવામાં આવતો હતો.

મુસાફરોની માગણીને ધ્યાનમાં લઈને ગાંધીનગરથી વિજાપુર મીની બસ સિલ્વર કલરની લોકલ ચાલુ કરેલ છે. ગાંધીનગરથી સવારે છ વાગ્યાથી રાત્રે દશ વાગ્યા સુધી દર અડધો કલાકે ગાંધીનગરથી ઉપડશે તેજ પ્રમાણે વિજાપુરથી ઉપડશે. આ બસ રૂટ ઘ-૫, ઘ-૬, ચરેડી, જીઈબી, પેથાપુર, પીંપળજ, ગ્રામભારતી, લોદરા, પુંધરા, મહુડી બસ સ્ટેશનોને લાભ મળશે. પેથાપુર એસ.ટી. બસ પેસેન્જર એસોસીએશનના મંત્રી શ્રી નટુભાઈ દરજીએ જણાવેલ છે.

સળગાવેલા કચરામાં ગબડી પડેલા ૮ વર્ષના બાળકનું મૃત્યુ

સેકટર-૧૫માં બનેલી અરેરાટીભરી ઘટના : ખાડામાં પડેલો કચરો કોઈએ સળગાવ્યો હતો અને બાળક રમતું-રમતું ત્યાં પહોંચી ગયું હતું : માતા ઘરકામ કરવા સે-૧૫માં દિકરાને લઈ ગઈ હતી ત્યારે બનેલી ઘટના

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગરમાં હજુ પણ સુકા કચરાને ગેરકાયદે સળગાવવામાં આવી રહ્યો છે. પરંતુ તંત્ર કોઈ કાર્યવાહી કરી રહ્યું નથી. જેનો ભોગ ૮ વર્ષનું બાળક બન્યું છે. સે-૧૫માં ખાડામાં પડેલા સુકા કચરાને સળગાવવામાં આવ્યો હતો અને ત્યાં નજીકમાં બાળકો રમી રહ્યા હતા ત્યારે આઠ વર્ષનું બાળક રમતા રમતા તે ખાડામાં ગબડી પડતા ગંભીર રીતે દાઝી ગયું હતું. આજે સવારે બાળકનું અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મૃત્યુ થવા પામ્યું છે. અરેરાટી મચાવી દેતી આ ઘટના અંગે સે-૭ પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને ગુનાની તપાસ આરંભી છે.

પ્રાપ્ત માહિતી મુજબ સેકટર-૧૩ના છાપરા વિસ્તારમાં રહેતા હંસાબેન રોહીતભાઈ સોલંકી પારકા ઘરે ઘરકામ કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. પતિના અવસાન બાદ વિધવા થયેલી હંસાબેનને પોતાના ત્રણ સંતાનો માટે બીજાને ઘરે રસોઈથી માંડીને અન્ય ઘરકામ કરવાનો વારો આવ્યો હતો. તેમના ત્રણ સંતાનમાં બે દિકરા અને એક દિકરી છે. જેમાં મોટો દિકરો ૮ વર્ષનો અભિ, તેનાથી નાનો દિકરો પાર્થ અને દિકરી મેશ્વાનો સમાવેશ થાય છે. ૮મીએપ્રિલે માતા હંસાબેન રસોઈ કરવા સે-૧૫માં મોટા ૮ વર્ષીય દિકરા અભિને લઈને ગઈ હતી. માતા રસોઈ બનાવી રહી હતી ત્યારે ૮ વર્ષનો દિકરો અન્ય બાળકો સાથે બહાર રમી રહ્યો હતો. રમતા રમતા તે એક ખાડામાં ગબડી પડયો હતો. આ ખાડામાં સુકો કચરો સળગાવેલો હતો. કચરા સાથે બાળક પણ સળગી જતા ગંભીર રીતે ઘવાયો હતો અને તાત્કાલિક તેને ગાંધીનગર સિવિલ અને ત્યાંથી વધુ સારવાર માટે અમદાવાદ સિવિલ ખસેડવામાં આવ્યો હતો. આજે સવારે જીવન મરણ વચ્ચે હોસ્પિટલમાં ઝોલા ખાઈ રહેલા ૮ વર્ષીય અભિએ પ્રાણ ત્યજી દીધા હતા. સે-૭ પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને જમાદાર દશરથભાઈએ ઉંડી તપાસ શરુ કરી છે.

પકડાયેલા બાઈક ચોરે કલેકટર કચેરીમાંથી રબર સ્ટેમ્બ ચોર્યા હતા..! : બોગસ આર.સી. બુક બનાવવા રબર સ્ટેમ્પનો ઉપયોગ

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર એલસીબીની ટીમે અઠવાડીયા પહેલા સે-૧૨ બલરામ મંદિર નજીકથી બોગસ આર.સી. બુક સાથે ચોરીના ડીસ્કવર બાઈકને વેચવા નીકળેલા શખ્સને પકડી પાડયો હતો. સે-૨-ડી પ્લોટ નં. ૧૫૨૦/૧ ખાતે રહેતા આ બાઈક ચોર ધર્મેશ કિશોરચંદ્ર મહેતાને સે-૭ પોલીસ મથકે સોંપતા પીએસઆઈ એચ.એમ. ચૌધરીએ રિમાન્ડ મેળવી સઘન પુછતાછ કરતા ચોંકાવનારી વિગતો ખુલી છે. અગાઉ પણ ચોરીઓના ગુનામાં પકડાઈ ચુકેલા આ શખ્સે બોગસ આર.સી. બુક બનાવવા માટે જિલ્લા કલેકટર કચેરીમાંથી ૧૭ માર્ચે બે રબર સ્ટેમ્પની ચોરી કરી હતી અને તેનો ઉપયોગ કરીને બોગસ આર.સી. બુક ચોરીના બાઈકને વેચવા માટે તૈયાર કરી હતી. આરોપી ધર્મેશ મહેતાને સેન્ટ્રલ જેલ હવાલે મોકલી આપવામાં આવ્યો છે.

ચંદ્રાલામાં જામફળના ઝાડ પર લટકી પરિણીતાનો આપઘાત

લગ્નને સાડા ચાર વર્ષ થઈ જવા છતા સંતાન થતું ન હોવાથી ૨૫ વર્ષીય પરિણીતા હતાશ રહેતી હતી : ઝાડની ડાળી પર સાડી અને દોરી બાંધીને ગળે ફાંસો ખાઈ લીધો

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર નજીક આવેલા ચંદ્રાલા ગામની સીમમાં આજે સવારે ૨૫ વર્ષીય પરિણીતાએ ઝાડની ડાળી પર સાડી અને દોરી બાંધી ગળે ફાંસો ખાઈ લેતા ચકચાર મચી જવા પામી છે. ચિલોડા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી પરિણીતાનો મૃતદેહ પીએમ કરાવી તપાસ આરંભી છે. પ્રાથમિક તપાસમાં પોલીસને જાણવા મળ્યું છે કે તેમના લગ્નને સાડા ચાર વર્ષ થઈ જવા છતા સંતાન થતું ન હતું. દવાઓ પણ ચાલતી હતી કંટાળીને હતાશ થઈ ગયેલી પરિણીતાએ અંતિમ પગલુ ભર્યું હોવાની શકયતા છે.

ચિલોડા-હિંમતનગર રોડ પર સ્થિત મજરા વિસ્તારની ૨૫ વર્ષીય પરિણીતા હાલ ચંદ્રાલા ગામની સીમમાં સ્થિત આશીર્વાદ ફાર્મમાં પતિ સાથે કામ કરતી હતી. આજે સવારે પરિણીતા ચંપાબેન રણજીતસિંહ ડાભી ચંદ્રાલાની સીમમાં ગયા હતા અને કોઈ અગમ્ય કારણોસર જામફળીના ઝાડની ડાળી પર સાડી અને દોરી બાંધીને ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. ઝાડનીડાળી પર ચંપાબેનને લટકતા જોઈ આશીર્વાદ ફાર્મના જગદીશભાઈ પટેલે પોલીસને જાણ કરી બોલાવી લીધી હતી. ચિલોડા પોલીસે મૃતદેહ પીમ કરાવી અકસ્માત મોતનો ગુનો નોંધી પી.આઈ. વી.એ. ચાવડાએ તપાસ આરંભી છે. તપાસ દરમિયાન જાણવા મળ્યું છે કે તેમના લગ્નને સાડા ચાર વર્ષ થઈ ગયા હતા પરંતુ સંતાન સુખ પ્રાપ્ત થયું ન હતું. જે અંતર્ગત દવાઓ પણ ગાંધીનગરના તબીબ પાસેથી લઈ રહ્યા હતા. મેડીકલ રીપોર્ટસ પણ કરાવ્યા હતા પરંતુ નિરાશાજનક પરિણામ આવતા હતાશામાં સપડાઈ ગયેલી ચંપાબેને અંતિમ પગલું ભર્યું હોવાની શકયતા છે.

ગાંધીનગર ડીવીઝનમાં સમાવિષ્ટ સેકટર-૭, સેકટર-૨૧, પેથાપુર, ઈન્ફોસીટી, દહેગામ, ડભોડા અને રખિયાલ પોલીસ સ્ટેશનની હદમાં વર્ષ ૨૦૧૫માં પકડાયેલા વિદેશી દારૂના જથ્થાનો સવારે નભોઈ કેનાલ નજીક ખુલ્લી જગ્યામાં નાશ કરવામાં આવ્યો હતો. વર્ષ ૨૦૧૫માં ગાંધીનગર ડિવીઝનની પોલીસે વિદેશી દારૂની બોટલો તથા બિયરના ટીન મળી કુલ ૨૮,૧૭૮ નંગ બોટલ-ટીન પકડયા હતા. રૂ. ૭૦,૨૩,૯૨૧ની કિંમતના દારૂ-બિયરના જથ્થાને પાથરીને તેની પર રોલર ફેરવી દઈ જથ્થાનો નાશ કરવામાં આવ્યો હતો.

બેંક વ્યાજની આવક ઘટતાં પરિવાર બજેટ ખોરવાયા

અર્થતંત્રમાં નાણાંકીય અસમતોલન સર્જાયું, કમરતોડ મોંઘવારી સામે બચત વ્યાજ દર ઘટવાથી આર્થિક મોરચે લોકોનું જીવન ડામાડોળ બન્યુ

ગાંધીનગર, તા.૧૩

સરકાર નાણાંકીય વર્ષમાં આર્થિક નિતીઓ પ્રત્યે વધુ પગલાં લઈ રહી છે. જેમાં ૧ એપ્રિથી અમલી બનેલા બચતના દરોમાં ઘટાડાની સામાન્ય લોકો ઉપર વિપરીત અસરો જોવા મળી છે. ફકત બેંક વ્યાજની આવક ઉપર નભતા લોકોની આવક ઘટી જતાં કમરતોડ મોંઘવારીમાં જીવવું કઠીન બન્યું છે. અનાજ, કઠોળ, શાકભાજી તથા વિવિધ જીવન જરૂરી ચિજવસ્તુઓ ખુબ જ મોંઘી બનતી જાય છે તો સામે વ્યાજની આવક ઘટી રહી છે જેથી અર્થતંત્રમાં નાણાંકીય અસમતોલન સર્જાયાનો અનુભવ લોકો કરી રહ્યા છે અને સરકારની આ પ્રકારની નીતિ સામે આક્રોશ વ્યકત કરી રહ્યા છે.

દેશમાં ૧ એપ્રિલથી લાગુ પડતા દરોમાં સૌથી વધુ ચર્ચાસ્પદ અને નાગરિકોને અસરકર્તા બે બાબતો બની છે. સૌ પ્રથમ તો નાણામંત્રી અરૂણ જેટલીએ સર્વિસ ટેક્ષમાં બે ટકાનો મોટો વધારો કરી દઈ સામાન્ય નાગરિકના ખિસ્સા ખંખેરી લીધા છે તેમજ બીજી બાબતમાં તાજેતરમાં નાના બચતકારોની બચત ઉપરના વ્યાજ દર પર લગભગ ૧.૩ ટકા સુધીનો કાપ મુકી દીધો છે. આમ આવક ઓછી અને જાવક વધી જતાં

નાણાંકીય અસમતોલન થકી કમરતોડ મોંઘવારીમાં આર્થિક મોરચે લોકોનું જીવન ડામાડોળ બન્યું છે. જીવન જરૂરી ચીજવસ્તુઓમાં અસહ્ય ભાવ વધારો ડામવા નિષ્ફળ સરકારે લોકોની બચત ઉપરના વ્યાજ ઘટાડીને મહાસંકટ પેદા કર્યું હોવાનો આક્રોશ લોકોમાં ઉભો થયો છે.

વરિષ્ઠ નાગરિકો, વિધવા, વિધુરો, ત્યકતા, નિઃસંતાન દંપતિઓ તથા નિવૃત્તિ જીવન ગાળતા લોકો પોતાની સંગ્રહ કરેલી મુડી બેંકમાં મુકી તેના વ્યાજથી જીવન નિર્વાહ ચલાવે છે. જેમાં કિસાન વિકાસપત્ર, રાષ્ટ્રીય બચત પત્ર, સિનિયર સિટીઝન સ્કીમ, કન્યા બચત યોજના, મંથલી ઈન્મક સ્કીમ તથા રિકરીંગ જેવી બચતોમાં નાણાં રોકી વ્યાજની આવકને મહત્વ આપે છે. આ બચતો ઉપર ૧.૩ ટકા સુધીનો કાપ મુકાયો છે. જો કે રીઝર્વ બેંકે ગત મંગળવારે આર્થિક નિતીઓની સમીક્ષા કરી રેપોરેટમાં ઘટાડો કરી ધિરાણ સસ્તુ થાય તેવો નિર્ણય કર્યો છે. પરંતુ તેનો ફાયદો વ્યાજની આવક ઉપર નભતા લોકોને થવાનો ન હોવાથી બચતનો વ્યાજદર ઘટાડો વધુ અસરકારક બન્યો છે. વધુમાં સર્વિસ ટેક્ષમાં થયેલો વધારો નાનામાં નાના માણસને પણ આકરો લાગ્યો છે. જેમાં વિમા યોજનાઓને આવરી લેતા દસ હજારની આવક ધરાવતા લોકો મોંઘા વિમા પ્રિમીયમથી દુર થઈ વિમા કવચથી વંચિત બન્યા છે. સરકારની નીતિ આમ આદમી વિરોધી હોવાની છાપ હાલ ઉપસી રહી છે. જેમાં મોંઘવારીને કાબુમાં લીધા સિવાય આવક ઉપર જ ટેક્ષ રૂપી તરાપ સરકાર મારતી હોવાનું લોકો જણાવી રહ્યા છે. સરકાર પ્રત્યેની બહુ મોટી આશાઓ હાલ તો ઠગારી નિવડી રહી હોવાનું લોકો જણાવી ભારોભાર આક્રોશ ઠાલવી રહ્યા છે.

જલારામ મંદિરે રામનવમીની ઉજવણી નિમિત્તે રકતદાન કેમ્પ

ગાંધીનગર, તા.૧૩

તા. ૧૫મી એપ્રિલ ચૈત્ર સુદ નવમીને શુકવારના રોજ ભગવાનશ્રી રામચંદ્રજીની જન્મ જયંતિના પુનિત પ્રસંગે શ્રી જલારામ ધામ સેકટર-૨૯ ખાતે સવારે ભગવાનશ્રી રામચંદ્રજી તથા પૂ.શ્રી જલારામ બાપાની પૂજનવિધિ સવારે ૮.૩૦ વાગે શરૂ થશે. રઘુવંશી ધ્વજવંદન સવારે ૧૦.૩૫ કલાકે અને સવારે ૧૦.૪૫થી ૧૨.૦૦ કલાક દરમિયાન હરિનામ સંકીર્તન તથા બપોરે ૧૨.૦૦ વાગે શ્રી રામ જન્મોત્સવ અને મહાઆરતી થશે. ધર્મપ્રેમીઓને ભકિતનો લાભ લેવા સંસ્થાએ જાહેર આમંત્રણ પાઠવેલ છે.

દર વર્ષની જેમ આઈ.એમ.એ. સંચાલિત બ્લડ બેંક માણસાના સહયોગથી સવારે નવ વાગે રકતદાન શિબિર યોજાશે. જેમાં ઉત્સાહપૂર્વક ભાગ લઈ કોઈકને જીવનદાન આપવા પ્રમુખ જીતેન્દ્રકુમાર સેજાણી અને મંત્રી સેવંતીલાલ જે. ઠકકરે આહવાન કરેલ છે.

ચિરવિદાય

- સ્વ. પ્રતાપજી રાંમાજી પરમાર, ઉ.વ.૫૦
- સ્વ. અભિ રોહિતભાઈ સોની, ઉ.વ.૧૧